# આગ્રા શિખર વાર્તાનાં 25 વર્ષ

ઈન સાઈડ આઉટ સાઈડ
કિરણ કાપૂરે

ભારત-પાકિસ્તાનના સંબંધો હાલમાં તો સામાન્ય થાય તેવા કોઈ અણસાર નથી. પહેલગામમાં થયેલા હુમલા પછી પાકિસ્તાનમાં ભારત દ્વારા સૈન્ય કાર્યવાહી પણ થઈ ચૂકી છે. આજે આશ્ચર્ય લાગે પરંતુ પચ્ચીસ વર્ષ અગાઉ બે દિવસની ભારત-પાકિસ્તાન વચ્ચે ‘આગ્રા શિખર વાર્તા’નું આયોજન થયું હતું. ભારત વતી આ બેઠકનું નેતૃત્વ તત્કાલીન વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીએ કર્યું હતું અને પાકિસ્તાનના પ્રતિનિધિ તરીકે રાષ્ટ્રપતિ પરવેઝ મુશર્રફ હાજર રહ્યા હતા. આ બેઠકમાં કાશ્મીર, પરમાણુ સંધિ અને આતંકવાદ જેવા અનેક મુદ્દાઓ પર સંવાદ થવાનો હતો. આ સંવાદની ભૂમિકા ૧૯૯૯માં તૈયાર થઈ હતી, જ્યારે અટલ બિહારી વાજપેયી ભારતમાંથી અનેક જાણીતા લોકો સાથે ઐતિહાસિક બસયાત્રા કરીને લાહોર પહોંચ્યા હતા. વાજપેયીની આ બસયાત્રા બાદ બંને દેશોએ મળીને ‘લાહોર કરાર’ કર્યો હતો. ત્યારે બંને દેશો વચ્ચે હવે કાયમી શાંતિ સ્થાપિત થશે તેવો માહોલ સર્જાયો હતો.



**વાજપેયીના મનમાં અને અન્ય ભારતીય નેતાઓના મનમાં એ પ્રશ્ન હતો કે કારગિલ યુદ્ધની પીડા, અપમાન અને શહીદોના બલિદાનને પાછળ મૂકી શાંતિના માર્ગે નવી શરૂઆત કરવી જોઈએ કે નહીં**

પરંતુ ત્યાર બાદ કારગિલનું યુદ્ધ થયું અને બંને દેશો વચ્ચેની શાંતિ ભંગ થઈ ગઈ. ફરી એક વાર બંને દેશો વચ્ચે તણાવની સ્થિતિ ઊભી થઈ. પાકિસ્તાનમાં પણ તખ્તાપલટ થયો અને સૈન્યના વડા જનરલ પરવેઝ મુશર્રફે તત્કાલીન વડા પ્રધાન નવાઝ શરીફને હટાવીને પોતે રાષ્ટ્રપતિપદ સંભાળ્યું. ત્યાર બાદ માત્ર બે વર્ષમાં, ૨૦૦૧માં ‘આગ્રા શિખર વાર્તા’ યોજાઈ. કારગિલના ઘાવ હજુ રૂઝાયા નહોતા. જે કંઈ બન્યું હતું તેમાં પાકિસ્તાનના સૈન્ય નેતૃત્વની સંડોવણી સ્પષ્ટ દેખાતી હતી. આ બધું છતાં સારા માહોલમાં ‘આગ્રા શિખર વાર્તા’ યોજાઈ. પાકિસ્તાનના રાષ્ટ્રપતિ પરવેઝ મુશર્રફ ભારત આવ્યા અને બે દિવસની શિખર વાર્તા શરૂ થઈ. જો કે બંને દેશો વચ્ચે સહમતી સાધી શકાઈ નહીં અને વાર્તા નિષ્ફળ નિવડી. ભારત-પાકિસ્તાન વચ્ચે છેલ્લા પાંચ દાયકામાં આ પ્રકારનો શાંતિ પ્રયાસ જોવા મળ્યો નહોતો. વાજપેયીના કાર્યકાળ દરમિયાન ભારત તરફથી તે દિશામાં પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ પાકિસ્તાન તરફથી વિશ્વાસપાત્ર ખાતરી ન મળતાં આ વાર્તા ભાંગી પડી. આ વિશે પાકિસ્તાનમાં ભારતના રાજદૂત તરીકે રહી ચૂકેલા અજય બિસરીયાએ તેમના પુસ્તક ‘એન્ગર મેનેજમેન્ટ : ધ ટ્રબલ્ડ ડિપ્લોમેટિક રિલેશનશિપ બિટ્વીન ઈન્ડિયા એન્ડ પાકિસ્તાન’માં વિગતવાર લખ્યું છે. તે દિવસોમાં શું બન્યું હતું તેની અનેક ઈનસાઈડ વાતો તેમના પુસ્તકમાં સમાવાઈ છે. બે વર્ષ પહેલાં પ્રકાશિત થયેલું આ પુસ્તક ભારત-પાકિસ્તાનના સંબંધોની અંદરની કહાની સમજવા માટે આધારભૂત માનવામાં આવે છે. પુસ્તકમાં અજય બિસરીયા લખે છે કે, “ઉત્તર પ્રદેશનું આગ્રા શહેર તાજમહેલ માટે જાણીતું છે.

શિખર વાર્તા માટે ઉત્તર પ્રદેશની પસંદગી એટલા માટે કરવામાં આવી હતી કે થોડા જ મહિના બાદ અહીં વિધાનસભાની ચૂંટણી યોજાવાની હતી. આ રાજ્યને વૈશ્વિક રાજનીતિના કેન્દ્ર તરીકે રજૂ કરવાનો વિચાર વડા પ્રધાનના મીડિયા સલાહકાર અશોક ટંડને આપ્યો હતો. મને સુરક્ષા ટીમ સાથે આગ્રાની હોટલોનું નિરીક્ષણ કરવા માટે મોકલવામાં આવ્યો હતો, જેમાં નવી બનેલી ઓબેરોય હોટલ પણ સામેલ હતી. જુલાઈ ૨૦૦૧માં પરવેઝ મુશર્રફ આગ્રા પહોંચ્યા. તેઓ પાકિસ્તાનમાં તખ્તાપલટ કરીને રાષ્ટ્રપતિ બન્યા હતા, તેથી ભારતની સત્તાવાર મુલાકાત દરમિયાન તેઓ તત્કાલીન ભારતીય રાષ્ટ્રપતિ કે. આર. નારાયણનની જેમ સંપૂર્ણ પ્રોટોકોલની અપેક્ષા રાખતા હતા. જો તેમ ન થાય તો તેમને સત્તાવાર રીતે ‘ગાર્ડ ઑફ ઑનર’નું સન્માન ન મળે.


મીડિયા ઈચ્છતું હતું કે આ સંમેલન રોમાંચક ક્રિકેટ મેચની જેમ ચાલે, જ્યાં દરેક ક્ષણનું બોલ-બાય-બોલ જીવંત પ્રસારણ થાય. ભારતમાં ખાનગી સમાચાર ચેનલોની શરૂઆતને એક દાયકો થયો હતો અને તે સમયે ૨૪ કલાક ચાલતી ચેનલોની સંખ્યા ઝડપથી વધી રહી હતી. તેમને સતત નવું કન્ટેન્ટ જોઈતું હતું.

આપણા દેશમાં પહેલી વાર વિદેશ નીતિ સાથે જોડાયેલા કોઈ મુદ્દાને આટલું વ્યાપક ટેલિવિઝન કવરેજ મળ્યું હતું. તે પહેલાં આવું વ્યાપક કવરેજ કારગિલ યુદ્ધ અને ગુજરાતનાં રમખાણોને મળ્યું હતું. આખરે આ જ ટેલિવિઝન મુશર્રફની રાજદ્વારી નિષ્ફળતાનું એક કારણ બન્યું.” આજે જે ટેલિવિઝન મીડિયાની ભયાવહ સ્થિતિ જોવા મળે છે, તેનો તે શરૂઆતનો સમય હતો. મીડિયાનો ખેલ કેવી રીતે શરૂ થયો તે અંગે લેખક નોંધે છે કે, “વાજપેયીના વડા પ્રધાન કાર્યાલયમાં શિખર વાર્તાના મીડિયા કવરેજ અંગે ચર્ચા થઈ. મીડિયા સલાહકાર અશોક ટંડને આગ્રામાં દર કલાકે મીડિયા બ્રિફિંગ યોજવાની સલાહ આપી હતી. વિદેશ મંત્રી જસવંત સિંહ આ પ્રકારના ‘મીડિયા સર્કસ’ અંગે શંકાશીલ હતા.

તેમનું માનવું હતું કે તાશ્કંદ, શિમલા અથવા ઈઝરાયલ-પેલેસ્ટાઈન વચ્ચે થયેલી કેમ્પ ડેવિડ જેવી શિખર વાર્તાની પરંપરા મુજબ રાજદ્વારી પ્રક્રિયા અપનાવવી જોઈએ, જેમાં અંતે બંને નેતાઓ હસતાં-હસતાં હાથ મિલાવે અને સત્તાવાર રાજદ્વારી ભાષામાં તૈયાર કરાયેલું સંક્ષિપ્ત સંયુક્ત નિવેદન જાહેર કરવામાં આવે પરંતુ એકવીસમી સદીમાં ભારત-પાકિસ્તાનના સંબંધોની સ્થિતિ જુદી હતી. ચોવીસ કલાક ચાલતી સમાચાર ચેનલોને સતત નવી માહિતી જોઈતી હતી. જો કોઈ નોંધપાત્ર પ્રગતિ ન થાય તો સાવ સામાન્ય બાબતો અંગે પણ નિયમિત બ્રિફિંગ આપવું સમયની માંગ બની ગયું હતું. જ્યારે ‘આગ્રા શિખર વાર્તા’ નિષ્ફળ ગઈ ત્યારે જસવંત સિંહની પણ મીડિયા દ્વારા ભારે ટીકા થઈ હતી. જો કે આ નિષ્ફળ શિખર વાર્તાને સૌથી યોગ્ય રીતે સમજાવનારા તેઓ જ હતા.”

કારગિલ યુદ્ધ પછી આ શિખર વાર્તા યોજાઈ રહી હતી, તેથી સમગ્ર વિશ્વની નજર તેના પર હતી. વાજપેયીના મનમાં અને અન્ય ભારતીય નેતાઓના મનમાં એ પ્રશ્ન હતો કે કારગિલ યુદ્ધની પીડા, અપમાન અને શહીદોના બલિદાનને પાછળ મૂકી શાંતિના માર્ગે નવી શરૂઆત કરવી જોઈએ કે નહીં. બીજી તરફ, પાકિસ્તાનનું નેતૃત્વ એક સૈન્ય શાસકના હાથમાં હતું, તેથી પરિણામ અંગે સૌને આશંકા હતી. અજય બિસરીયા આગળ લખે છે કે, “સત્તાવાર પ્રતિનિધિમંડળની બેઠક દરમિયાન તૈયાર કરાયેલાં વક્તવ્યો પર ચર્ચા થઈ પરંતુ વાસ્તવિક રાજદ્વારીનો મોટો ભાગ સર્વોચ્ચ સ્તરે થયો. અટલ બિહારી વાજપેયી અને પરવેઝ મુશર્રફ આમને-સામને બેઠા હતા અને તેમની સામે માત્ર બંને પક્ષના નોંધલેખક અધિકારીઓ હાજર હતા. આ દરમિયાન કેબિનેટ કમિટી ઑન સિક્યોરિટીના તમામ સભ્યો, જેમાં લાલકૃષ્ણ અડવાણી અને જસવંત સિંહ પણ સામેલ હતા, અધિકારીઓ સાથે પ્રતીક્ષાખંડમાં રાહ જોઈ રહ્યા હતા. જ્યારે બંને નેતાઓ આગ્રાના જયપી પેલેસ હોટલના એક ભોજનખંડમાં, જેને ખાસ શિખર વાર્તા માટે તૈયાર કરવામાં આવ્યો હતો, ત્યાં ચર્ચા કરી રહ્યા હતા.” રાજકીય દુનિયામાં જોવા મળતા વિરોધાભાસનું ઉદાહરણ આપતાં લેખક લખે છે કે, “પ્રતિનિધિમંડળની અંતિમ બેઠકમાં મુશર્રફ પાકિસ્તાનમાં લોકશાહી સ્થાપવાની યોજના વિશે લાંબા સમય સુધી બોલતા રહ્યા. બપોરના ભોજનના વિરામ દરમિયાન હું મુખ્ય સચિવ બ્રજેશ મિશ્રા પાસે ગયો અને તેમને કહ્યું કે અહીં સૌને એ બાબતે આશ્ચર્ય થાય છે કે પાકિસ્તાનનો સૈન્ય શાસક ભારતના મંત્રીમંડળને લોકશાહીનો પાઠ ભણાવી રહ્યો છે. મિશ્રા હસ્યા અને મને કહ્યું કે તમારે આ વાત જાતે જ મંત્રીમંડળ સમક્ષ કહેવી જોઈએ. અમે બંને વાજપેયી, અડવાણી અને અન્ય મંત્રીઓ પાસે પહોંચ્યા. મિશ્રાએ વાજપેયીને કહ્યું કે અંગત સચિવને તમારી સાથે એક અગત્યની વાત કરવી છે. મેં તે જ વાત તેમની સમક્ષ પણ મૂકી. વાજપેયી હસ્યા. તેઓ મુશર્રફને વધુ બોલવા દેવા માંગતા હતા કારણ કે તેઓ તેમને વધુ સારી રીતે સમજવા માંગતા હતા.” આગળ એક એવી ઘટના બની, જેણે મુશર્રફના વિચારોને જાહેર કરી દીધા અને શિખર વાર્તાનો દોર બદલાઈ ગયો. લેખક લખે છે, “શિખર વાર્તાના બીજા દિવસે મુખ્ય અખબારો અને ટેલિવિઝન સમાચાર ચેનલોના સંપાદકો સાથે મુશર્રફનો સંવાદ યોજાયો. આ કાર્યક્રમનું રેકોર્ડિંગ કે પ્રસારણ નહીં થાય તેવી સમજૂતી હતી. પરંતુ એનડીટીવીએ તેનો પ્રસારણ કરવાનો નિર્ણય લીધો. તેમાં મુશર્રફે કાશ્મીર અંગે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય વ્યક્ત કર્યો અને આતંકવાદીઓની સરખામણી આઝાદીના લડવૈયાઓ સાથે કરી. આ રીતે પાકિસ્તાનનું વલણ ખુલ્લેઆમ સામે આવ્યું, પરંતુ ભારતનો પક્ષ એટલી સ્પષ્ટતાથી રજૂ થઈ શક્યો નહીં.” ત્યાર બાદ પણ શિખર વાર્તામાં જે કંઈ બન્યું તેની વિગત અજય બિસરીયાએ પોતાના પુસ્તકમાં આપી છે. અહીં શબ્દમર્યાદાના કારણે અટકીએ છીએ. પરંતુ એટલું ચોક્કસ કહી શકાય કે ભારત-પાકિસ્તાનના સંબંધોમાં આશાની એક મહત્ત્વપૂર્ણ ક્ષણ વેડફાઈ ગઈ.

તેમાં પાકિસ્તાનના તત્કાલીન રાષ્ટ્રપતિ પરવેઝ મુશર્રફની ભૂમિકા તો હતી જ, પરંતુ તે સમયે મીડિયાએ જે રીતે એક-એક ક્ષણનું જીવંત પ્રસારણ કર્યું, તેનાથી પણ અનેક એવી બાબતો જાહેર થઈ ગઈ, જે અગાઉ રાજદ્વારી પ્રક્રિયામાં જાહેર થતી નહોતી.



# સમજણ-ગેરસમજણ’ની સમજણ: ઈફ, બટ, પરંતુ ને પણ....

મિજાજ મસ્તી
સંજય છેલ

**ટાઇટલ્સ:**
**ગમ અને ચ્યુઈંગમ બહુ ચવાય નહીં (છેલવાણી)**

ગુજરાતી અદ્ભુત સફળ નાટકોના લેખક-નિર્દેશક અને અભિનેતા શૈલેશ દવેના એક નાટક ‘અંત વગરની અંતાક્ષરી’માં એક અદ્ભુત વાક્ય હતું: “સમજણની ટ્રેન જિંદગીના સ્ટેશને હંમેશાં મોડી જ કેમ પહોંચે છે?” નાટકો પરથી યાદ આવ્યું કે ગુજરાતી નાટકોના એક પ્રૌઢ કલાકાર વિધુર થયા અને બાળકો વિદેશમાં હતા. સાવ નિ:સહાય થઈ ગયા. ત્યારે કોઈ મિત્રએ કહ્યું કે, “ફલાણાં ટિફિનવાળાં બહેન બે જ મકાન દૂર રહે છે, તો ત્યાંથી જમવાનું લઈ આવજો.”

તો પેલા કલાકારે કહ્યું, “ના, મારાથી તો હવે ખાસ ચલાતું યે નથી... શું કરું?”

આ સાંભળીને ટિફિનવાળાં બહેને ઉદારતાથી કહ્યું, “વાંધો નહીં, હું ટિફિન આપી જઈશ.”

પછી પેલા કલાકારે એક દિવસ ધીમે રહીને એ સ્ત્રીને આગ્રહ કર્યો, “તમે જ મને પીરસીને આપો તો સારું. મને હંમેશાં તૈયાર ભાણાંની આદત છે!” એ સ્ત્રી ભલાં હતાં એટલે રોજ ટિફિન પીરસીને પ્રેમથી જમાડે. ધીરે-ધીરે પેલા કલાકારને એ સ્ત્રીની આદત પડી ગઈ. દિવસભર બે સમયે એનાં આવવાની રાહ જોવા માંડ્યા. પછી અચાનક એક દિવસ એમણે પ્રપોઝ કર્યું, “તમે આટલી કાળજી કરો છો, તો મારી સાથે લગ્ન કરશો?”

ત્યારે પેલી સ્ત્રીએ ઠંડકથી સમજાવ્યું, “સોરી સાહેબ, હું તો માણસાઈના નાતે તમને મદદ કરી રહી છું. મારા પીરસવાને ‘પ્રેમ’ સમજવાની ભૂલ ન કરો.”

આ સત્યઘટના જાણ્યા બાદ પેલા કલાકાર પર દયા આવે કે ગુસ્સો? કદાચ બેઉ. કોઈની ભલમનસાઈને તમે તમારી એકલતાની આડશમાં ‘પ્રેમ’ માની લો, એવી ગેરસમજ કેવી રીતે થઈ શકે? નાનપણમાં હું જ્યારે રેડિયો સાંભળતો ત્યારે એક ગીત બહુ ગમતું: “યે જિંદગી કે મેળે દુનિયા મેં કમ ના હોંગે, અફસોસ હમ ના હોંગે.”પણ વર્ષો સુધી હું સમજતો હતો કે તે “ઓફ કોર્સ હમ ના હોંગે!”

મને થતું કે વાહ! શું ફિલોસોફી છે કે આપણે જતા રહીશું તો પણ દુનિયાનાં મેળા ચાલતા જ રહેશે! હું ‘અફસોસ’ અને ‘ઓફ કોર્સ’ જેવા શબ્દોની ગેરસમજ કરતો હતો. એમ ઘણાં લોકો ગેરસમજણની ગંગામાં તણાઈને આખું આયખું તરફડિયાં મારતા રહે છે.

માર્ટિન અને મેગીએ ત્રણ જ મહિના પહેલાં લગ્ન કર્યા હતા. યુદ્ધ બાદ માર્ટિનની ચિત્રકારી અને મેગીના સીવણકામની કમાણી સાવ ઓછી થઈ હતી. લગ્ન સમયે માર્ટિન પાસે ૫૦ ડોલર પણ નહોતા, તો ય નિ:સંતાન વિધવા ફોઈના ભરોસે લગ્ન કરી લીધાં. પછી પહેલી નાતાલ આવી. માર્ટિન અને મેગી પાસે માંડ ૫ ડોલર બચ્યા હતા. હવે વૃદ્ધ ફોઈએ પણ સાથ છોડી દીધેલો. બેઉ ચિંતામાં હતાં કે ૫ ડોલરમાં નવું વર્ષ કેવી રીતે ઊજવાશે? એવામાં ટપાલીએ પાર્સલ આપ્યું. “લે! આ તો કંજૂસ ફોઈનું પાર્સલ છે,” માર્ટિને મોં બગાડ્યું.

“જોઈએ તો, ફોઈએ શું ભેટ મોકલી છે?” મેગીએ કહ્યું. પાર્સલમાંથી રંગબેરંગી કપડાંના ટુકડાં જોડીને સીવેલું ઓશીકાનું મામૂલી કવર નીકળ્યું. “આપણી મજાક ઉડાડવા કંજૂસ ફોઈએ આ ભેટ મોકલી છે?” માર્ટિને ભડકીને કહ્યું.

પછી ચાર-પાંચ દિવસ બાદ નવા વર્ષે ટપાલીએ ફરી એક પત્ર આપ્યો. એ વાંચીને માર્ટિન ખુશીથી નાચી ઊઠ્યો અને કહ્યું, “મેગી ડાર્લિંગ! ફોઈએ લખ્યું છે કે ઓશીકાના બંને ખૂણા પર ૧૦૦-૧૦૦ ડોલરની નોટ સીવીને નવા વર્ષની સરપ્રાઇઝ ભેટ મોકલી છે!” સાંભળીને મેગીએ રડમસ ચહેરે કહ્યું, “સોરી, પણ ગઈકાલે જ બાજુવાળા મિ. ઉચાલનો છોકરો મીઠાઈ આપવા આવ્યો હતો. એને મેં એ કવર ભેટમાં આપી દીધું છે. હવે?”

**ઈન્ટરવલ:**
**“એવી રીતે છવાઈ ગયા છે ખયાલમાં,**
**આવેશને ગણી મેં લીધો છે વહાલમાં.”**
**- મરીઝ**

હવે માર્ટિન અને મેગી બેઉ વિચારવા લાગ્યા કે એ ઓશીકાનું કવર પાછું મેળવવું કેવી રીતે?

પછી બેઉ નવા વર્ષના બહાને મિ. ઉચાલના ઘરે ગયા અને માર્ટિને ધીમેથી કહ્યું, “તમને મેગીએ એક સુંદર ઓશીકાનું કવર બનાવીને ભેટમાં આપેલું, પણ મેં એને બરાબર જોયું નથી. તો જરા જોવા આપશો?”

“સોરી, એક્ચ્યુઅલી એ કવર પર આજે જ સિગારેટનો તણખો પડ્યો અને એ સળગી ગયું,” શ્રીમતી ઉચાલે જૂઠું કહ્યું. ખરેખર તો તેમણે એ કવર બીજા એક પડોશી જોનને ભેટમાં આપી દીધું હતું. માર્ટિન અને મેગી ઉદાસ થઈને ઘરે આવ્યા. એટલામાં જોન અને એની પત્ની સાલમુબારક કરવા આવ્યા અને એમણે એક ભેટ આપી. મેગીએ ભેટ ખોલીને જોઈ તો એમાંથી પેલું જ ઓશીકાનું કવર નીકળ્યું, જે ફોઈએ મોકલ્યું હતું. “બહુ જ સુંદર કવર છે!” એમ કહીને માર્ટિન તરત અંદર ગયો અને ફોઈના કહ્યા મુજબ એ કવરમાંથી ૨૦૦ ડોલર કાઢી લીધા. ફોઈ પર મૂકેલા અવિશ્વાસ માટે એ જ કવરમાં મોં છુપાવીને ધ્રૂસકે-ધ્રૂસકે રડી પડ્યો. ડબલ્યુ. એ. સિલ્વાનની આ શ્રીલંકન વાર્તા કેટલી સહજતાથી કહી જાય છે કે જિંદગી માત્ર સમજણની જ નહીં, પણ ગેરસમજણની પણ લાંબી પરંપરા છે, જેને જાણે-અજાણે સમજ્યા વિના આપણે સૌ જીવતા રહીએ છીએ.

**જિંદગી માત્ર સમજણની જ નહીં, પણ ગેરસમજણની પણ લાંબી પરંપરા છે, જેને જાણે-અજાણે સમજ્યા વિના આપણે સૌ જીવતા રહીએ છીએ**

એક ભિખારીએ આખો દિવસ મંદિર, મસ્જિદ અને ચર્ચ પાસે ભીખ માંગી, પણ એક રૂપિયો પણ મળ્યો નહીં. રાતે થાકી-હારીને એ દારૂના પીઠા પાસેથી પસાર થતો હતો ત્યારે બારમાંથી લથડિયાં ખાતા-ખાતા એક દારૂડિયાએ એને બોલાવ્યો અને ૧૦૦ રૂપિયા આપ્યા. પછી એ દારૂડિયો તો ડોલતો-ડોલતો જતો રહ્યો, પણ ભિખારીએ આકાશ તરફ જોઈને કહ્યું,

“વાહ રે ઉપરવાલે! તું રહેતા કહાં હૈ ઔર એડ્રેસ કહાં કા દેતા હૈ!” આપણે સૌ પણ આપણા આધ્યાત્મ, સંસ્કાર, ધર્મ વગેરેની સમજણ-ગેરસમજણમાં કેવી રીતે અટવાતા રહીએ છીએ ને?

**એન્ડ ટાઇટલ્સ:**
**આદમ: “હેન્ડસમ દેખાવું છું ને?”**
**ઇવ: “ગેરસમજણ કરવાનો સૌને લોકતાંત્રિક હક છે.”**

# ગ્લાસગો CWG સમીક્ષા : SAI અને રમત મંત્રાલય માટે કેટલીક ચિંતાઓ સાથે હકારાત્મક બાબતો પણ રહી

ખેલખેલમેં

ગ્લાસગોમાં રમાયેલી 2026ની કોમનવેલ્થ ગેમ્સે રમત અને વહીવટી એમ બંને ક્ષેત્રે પડકારો ફેંક્યા, મુખ્ય યોજનાઓને યોગ્ય ઠેરવી પરંતુ કેટલીક બાબતોમાં સુધારો કરવાની જરૂરિયાત પર પણ પ્રકાશ પાડ્યો. તાજેતરમાં પૂરી થયેલી કોમનવેલ્થ ગેમ્સ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) માટે એક મિડ-ટર્મ પરીક્ષા સમાન હતી. નેશનલ કેમ્પનું સંચાલન કરવા, પસંદગી પર નજર રાખવા અને એથ્લેટ્સની તાલીમ તેમજ સ્પર્ધાના કેલેન્ડરનું નિરીક્ષણ કરવા માટે જવાબદાર એવી રમત મંત્રાલય હેઠળની નોડલ સંસ્થાએ “અપેક્ષા કરતાં વધુ” 39 મેડલ મેળવવાની ક્ષણની ઉજવણી કરી રહી છે, જેમાં 13 ગોલ્ડ અને 17 સિલ્વર મેડલ સામેલ છે. જો કે તેની સાથે જ સ્વિમિંગ અને સાયકલિંગને વધુ સપોર્ટ આપવાના તેના પ્રયાસોને આ રમતોમાં મેડલ-રહિત અને નિરાશાજનક પ્રદર્શનને કારણે વાસ્તવિકતાનો સામનો કરવો પડ્યો છે. આ ઉપરાંત, ગ્લાસગો પહોંચ્યા પછી બોક્સરો અને જૂડો ખેલાડીઓનો સામાન સમયસર ન મળવા જેવી વહીવટી સમસ્યાઓ નોંધવામાં આવી છે, જેને ભવિષ્યમાં ઉકેલવાની જરૂર છે.

SAIના એક વરિષ્ઠ અધિકારીએ સ્વીકાર્યું કે આ મેડલ ટેલિનું સૌથી ઉજળું પાસું જૂડોનું બે ગોલ્ડ, એક સિલ્વર અને એક બ્રોન્ઝ સાથેનું પ્રદર્શન રહ્યું છે. હા, સ્વિમિંગ અને સાયકલિંગ હજુ પણ સુધારાના તબક્કામાં છે અને આપણે સાચા અર્થમાં સ્પર્ધાત્મક બનીએ તે પહેલાં હજુ સમય લાગશે. બોક્સિંગ એ બીજું હકારાત્મક પાસું છે. તમે કહી શકો છો કે આ વખતે સ્પર્ધા થોડી સીમિત હતી, પરંતુ તેમાં અમારો વાંક નથી. અમારી સામે જે ખેલાડી આવે છે તેની સાથે આપણે સ્પર્ધામાં ઉતરીએ છીએ. વેઈટલિફ્ટિંગમાં આપણને એકને બદલે કદાચ બે ગોલ્ડ મળવા જોઈતા હતા.




ભારતે ગ્લાસગોમાં 12 જૂડો સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો અને બે ગોલ્ડ, એક સિલ્વર અને એક બ્રોન્ઝ મળીને ચાર મેડલ જીત્યા હતા. તેની સરખામણીએ 2022માં કોઈપણ ગોલ્ડ વગર માત્ર ત્રણ મેડલ મળ્યા હતા. આ પ્રદર્શન એવા સમયે શક્ય બન્યું જ્યારે ટીમની રવાના થતાં પહેલાં એન્ટી-ડોપિંગ ગુનાઓને કારણે બે જૂડો ખેલાડીઓને પાછા ખેંચવા પડ્યા હતા. બોક્સિંગ ટુકડી સાત ગોલ્ડ અને ત્રણ સિલ્વર મળીને 10 મેડલ સાથે મેડલ ટેલિમાં ટોચ પર રહી હતી.

કેટલીક વહીવટી સમસ્યાઓ પણ છે. તે મોરચે થોડા કોર્સ કરેક્શન (સુધારા)ની જરૂર છે, જેમ કે એથ્લેટ્સને તેમનો સામાન ન મળવો. કદાચ ભવિષ્યની રમતોમાં આ બાબતોને ખાસ સંભાળવા માટે ટીમ સાથે એક જવાબદાર વ્યક્તિ રાખવો એ સારો વિચાર રહેશે. પરંતુ એકંદરે, ચોથા સ્થાને ગેમ્સ સમાપ્ત કર્યા પછી રાહતની લાગણી સ્પષ્ટ દેખાઈ રહી છે કારણ કે આખરી મેડલ સંખ્યા CWG પહેલાના આંતરિક અંદાજ કરતાં ઘણી વધારે રહી.

અધિકારીઓ માને છે કે તે દર્શાવે છે કે ગ્લાસગો સમાન પરિસ્થિતિઓ ધરાવતા સ્થળોએ બિલ્ડ-અપ તાલીમ જેવા પાસાઓ પર કરવામાં આવેલા પ્રયાસોનું ફળ મળ્યું છે. ઉદાહરણ તરીકે, લાંબા અંતરનો દોડવીર ગુલવીર સિંહ છેલ્લા બે વર્ષથી લગભગ સંપૂર્ણપણે કોલોરાડો, USA માં રહ્યો છે.”ગુલવીર રમતોમાં 10,000 મીટરમાં સિલ્વર જીતનાર પ્રથમ ભારતીય બન્યો અને 5000 મીટર સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ પણ મેળવ્યો, જે તેને આ ઈવેન્ટની એક જ આવૃત્તિમાં બે મેડલ જીતનાર દેશનો પ્રથમ ટ્રેક એથ્લેટ બનાવે છે. SAI અધિકારીએ એથ્લેટિક્સમાં સૌથી અઘરી શિસ્ત ગણાતી સ્પર્ધામાં તેના જુસ્સાદાર બ્રોન્ઝ-વિજેતા પ્રદર્શનનો ઉલ્લેખ કરતા કહ્યું કે ઈજા વ્યવસ્થાપન એ બીજું ક્ષેત્ર છે જ્યાં અમને લાગે છે કે નોંધપાત્ર સુધારો થયો છે. તેજસ્વિન શંકર આનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. હાઈ જમ્પ સ્પર્ધા દરમિયાન તેની ઘૂંટણની સમસ્યા વધી ગઈ હતી, જેના કારણે તેણે પીછેહઠ કરવી પડી હતી, પરંતુ આખરે તે બે જ દિવસમાં ડેકાથલોનમાં સ્પર્ધા કરવા માટે સક્ષમ બન્યો હતો.

સરકારની ફ્લેગશિપ ટાર્ગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (TOPS) ચુનંદા એથ્લેટ્સની તાલીમ અને તૈયારીઓ માટે કેન્દ્રીય રહી છે. આ યોજના હેઠળ પસંદગી પામેલા એથ્લેટ્સની તાલીમ માટે ભંડોળ પૂરું પાડવામાં આવે છે અને તેમને પોષણ સંબંધી જરૂરિયાતો સહિતના અન્ય ખર્ચાઓને આવરી લેવા માટે માસિક સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષમાં TOPS નો ખર્ચ 125.44 કરોડ રૂપિયા રહ્યો છે, જેમાં 2024-26નો ખર્ચ 51.92 કરોડ રૂપિયા થાય છે. આ આંકડાઓ રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ થોડા દિવસો પહેલા TOPS પરના એક પ્રશ્નના જવાબમાં જાહેર કર્યા હતા.2028ની ઓલિમ્પિક ગેમ્સની તૈયારીઓના ભાગરૂપે હાલમાં પેરા-એથ્લેટ્સ સહિત કુલ 369 શ્રેષ્ઠ એથ્લેટ્સને TOPS હેઠળ સહાય આપવામાં આવી રહી છે.

રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ બુધવારે સત્તાધારી NDA ના સંસદો સમક્ષ એક પ્રેઝન્ટેશન આપ્યું હતું જેમાં તેમણે ભારતની પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો. ગ્લાસગો રમતોનું કદ નાનું કરાયું હતું અને તેમાં માત્ર 10 રમતોનો સમાવેશ કરાયો હતો, જેમાંથી માત્ર આઠ રમતો જ અગાઉની બે આવૃત્તિઓમાં પણ હતી. પ્રદર્શનના તુલનાત્મક વિશ્લેષણથી જાણવા મળ્યું છે કે ભારતે આ વખતે વધુ ગોલ્ડ મેડલ અને વધુ કુલ મેડલ મેળવ્યા છે. આ વખતે પ્રાપ્ત થયેલા 39 મેડલ અગાઉની બે આવૃત્તિઓના 30 (2022) અને 22 (2018) કરતાં નોંધપાત્ર રીતે વધુ હતા. તેમણે બુધવારે કહ્યું, સરકારે છેલ્લા એક દાયકામાં પ્રયાસો કર્યા છે અને તેના પરિણામો સૌની સામે છે. પરંતુ આગળ સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં જાપાનમાં એશિયન ગેમ્સ આવી રહી છે. બોક્સિંગ અને જૂડો જેવી રમતો માટે તે એક મોટી વાસ્તવિકતાની કસોટી (રિયાલિટી ચેક) બની શકે છે, જોકે શૂટિંગ, રેસલિંગ અને બેડમિન્ટન મેડલ ટેલિમાં સંખ્યા વધારવા માટે ફરીથી સાથે જોડાશે.

**ગ્લાસગોમાં કોમનવેલ્થ ગેમ્સ શરૂ થવા પહેલા ભારત તેમાં 25 મેડલ જીતે તેવો એક કાચો અંદાજ બંધાયો હતો, તેને બદલે ભારતીય રમતવીરોએ 39 મેડલ જીતીને છાકો પાડી દીધો જેનાથી રમત મંત્રાલય અને SAI ખુશ છે પણ કેટલીક એવી સ્પર્ધાઓ રહી છે, જેમની પાછળ ખાસ્સો ખર્ચ થવા છતાં તેમાં કોઇ મેડલ આવ્યો નથી તેની ચિંતા પણ તેમને છે ત્યારે અમદાવાદમાં યોજાનારી આગામી CWGમાં તેઓ એ ભુલ ન થાય તેની તકેદારી રાખવા માગશે**